CMYK

ભાવનગર આવૃત્તિ 8 તા.૨૪-૦૧-૨૦૨૬, શનિવાર

LEELA NEWS NETWORK P. LTD


# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

ડાયાબિટીસ બી.પી., 2D ઈકો
ડો.પોમા શાહ
એમ.ડી.મેડીસીન કન્સલ્ટન્ટ ફીઝીશ્યન
કાર્ડીયોલોજીસ્ટ એન્ડ ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
કે.પી હોસ્પિટલ નિલમબાગ સર્કલ ભાવનગર (278) 2424108 / 7265833325

EFCEE SAROVAR PREMIERE bhavnagar A SAROVAR HOTEL
LEELA WORLD WIDE
Iscon Mega City, Opp. Victoria Park, Bhavagar - 364002
Reservations : +91 7575005171
esp@sarovarhotels.com



# પરિણીતાને કાઢી મૂકી સંતાનોને વિદેશ લઈ જવા પેરવી ! : પોલીસ ફરિયાદ

## કરિયાવર બાબતે ત્રાસ આપવા ઉપરાંત પોતાના બે વર્ષના દીકરા-દીકરીને ઓસ્ટ્રેલિયા લઈ જતા હોવાની ફરિયાદ

ભાવનગર,તા.૨૪

ભાવનગરના વાઘાવાડી ખાતે રહેતી અને ૨૦૧૯માં ઓસ્ટ્રેલિયન યુવક સાથે લગ્ન કરી ઓસ્ટ્રેલિયા રહેવા ગયેલી અને નવેમ્બર ૨૦૨૫માં મામાની દીકરીના લગ્નમાં ભાવનગર આવેલી યુવતીએ તેના ઓસ્ટ્રેલિયન પતિ સહીત સાસરિયાઓ સામે પોતાને કામ બાબતે ત્રાસ આપવા ઉપરાંત કરિયાવર બાબતે મેણા ટાણા મારી મારઝૂડ કરી પોતાના ૨-૨ વર્ષના દીકરા-દીકરીને પોતાની પાસેથી લઇ જઈને ઓસ્ટ્રેલિયા લઇ જતા હોવાની ફરિયાદ ભાવનગર મહિલા પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ધૃવિબેન જયભાઈ રાવલ ઉ.વ. ૨૯ ધંધો. ચાઈલ્ડ કેર વર્કર (ઓસ્ટ્રેલિયા) હાલ રહે. માધુબાગ વાઘાવાડી રોડ, પ્લોટ નં.૩૪/૩૫-એ, શિવમ, ભાવનગર વાળાએ મહિલા પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે હું ઉપર બતાવેલ સરનામે મારા પિયરમા છેલ્લા એકાદ મહિનાથી રીસામણે છુ અને ઘરકામ કરુ છુ. મારે સંતાનમાં એક દિકરો હરી ઉ.વ.૨ વર્ષનો છે તથા એક દિકરી હિયા ઉ.વ.૨ વર્ષની છે. તેમના લગ્ન તા.૦૯/૦૭/૨૦૧૯ ના રોજ અમદાવાદ મુકામે રહેતા હિતેષભાઇ રાવલના દિકરા જય સાથે જ્ઞાતિના રીત રિવાજ મુજબ થયેલા અને આ લગ્નજીવનથી બે બાળકો છે. લગ્ન બાદ તા.૧૬/૦૯/૨૦૧૯થી ઓસ્ટ્રેલિયા ખાતે સંયુક્ત કુટુંબમાં રહેવા ગયેલ જ્યાં થોડા દિવસ સારી રીતે રાખેલ બાદ મારા પતિ મારી સાથે નાની-નાની વાતોમાં ઝઘડાઓ કરી મને હેરાન-પરેશાન કરવા લાગેલ. મારા સાસુ-મીનાબેન હિતેષભાઇ રાવલ જે મને ઘરકામ બાબતે તેમજ અન્ય નાની મોટી વાતોમાં શારીરીક માનસિક ત્રાસ આપતા તેમજ મારા સસરા હિતેષભાઈ જેઓ પણ મને શારીરીક અને માનસિક ત્રાસ આપતા, મારા પતિ તથા સાસુ-સસરાનાઓ મને કરીયાવર બાબતે હેરાન-પરેશાન કરી અને કહેતા તુ કરીયાવરમાં ઓછુ લાવેલ છે એમ કહી ચીજવસ્તુની માંગણી કરતા મારા સાસુ તથા સસરા મારા પતિને ચડામણી કરતા હોય જેથી મારા પતિ મારી સાથે ઝઘડો કરી શારીરીક માનસિક ત્રાસ આપતા ગઈ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મામાની દિકરીના લગ્ન હોય જેથી પોતે પિયર ભાવનગર ખાતે બન્ને બાળકો સાથેઆવેલ ત્યારે પણ પતિ તથા સાસરીયાવાળાએ મને ત્રાસ આપેલ તેમજ મા રા પતિએ મને મારકુટ કરેલ.આ મારકુટ બાદ હું મારા સાસરીયે રહેવા માંગતી ન હોય જેથી બાળકો સાથે અમદાવાદ મારા ભાઇ- માધવભાઈ જોષીના ઘરે જતી હતી પણ મારા સાસરીયાવાળાએ મારા બન્ને બાળકો મારી પાસેથી લઇ લીધેલ. અને મને પહેરેલ કપડે ઘરથી કાઢી મુકેલ. અને બીજા દિવસે મારા પિયર ભાવનગર ખાતે આવતી રહેલ. મારા બાળકો મારા પતિ પાસે હોય મે સમાધાનના ઘણા પ્રયત્નો કરેલ પણ સમાધાન કરેલ નહી અને મારા પતિ તથા સાસુ-સસરા નાઓ મારા બાળકોને લઇને ઓસ્ટ્રેલિયા જતા હોય જેથી ફરીયાદ કરતા પતિ, સાસુ, સસરા વિરુદ્ધ બીએનએસની કલમ ૮૫, ૫૪,૧૧૫-૨ તથા દહેજ પ્રતિબંધ અધિનિયમ ૩,૭ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

# મહુવા પોલીસનો સપાટો : ૬૭ હજારના વિદેશી દારૂ સાથે રૂપિયા ૨૫ લાખની લકઝરી બસ ઝબ્બે

### સુરતથી ઉના જતી ખાનગી બસમાં ગિયર બોક્સમાં સંતાડી વિદેશી દારૂ લવાતો હતો, પોલીસે ચાર સામે ગુન્હો નોંધ્યો





ભાવનગર,તા.૨૪

મહુવાના નેસવડ ચોકડીથી આગળ ઉદ્યોગનગરના નાકા પાસે હાઈવે ઉપરથી સુરતથી ઉના ચાલતી વગડીયા દાદા ટ્રાવેલ્સને અટકાવી પોલીસે તલાશી લેતા બસમાંથી વિદેશી દારૂની નાની મોટી ૨૦૪ બોટલ મળી આવતા બરામત કરી બસના કંટકટર સહિત બેને ઝડપી પાડી પુછપરછ કરતા મહુવાના શખસ સામે મળી વેંચાણ કરવાના ઈરાદે હાલ સુરતમાં રહેતા શખસ પાસેથી મંગાવ્યો હોવાનું ખુલવા પામ્યુ હતું.

મહુવા ટાઉન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા ખાનગી રાહે વોચ દરમિયાન મળેલી બાતમીના આધારે થાણાથી ઉત્તર દિશામાં અંદાજે ૩ કિ.મી. દૂર. નેસવડ ચોકડીથી આગળ ઉદ્યોગનગરના નાકા પાસે હાઈવે ઉપર દરમિયાન વગડીયા દાદા ટ્રાવેલ્સની બસ (આર.ટી. ઓ. રજી. નં. GJ-03-BT-9907) નીકળતા તેને ઉભી રાખવી તલાશી લેતા સાઈડની ડીકી તથા ગિયર બોક્સમાંથી કોઈપણ પાસ-પરમીટ વગર ગેરકાયદેસર રીતે લાવવામાં આવેલ ઈંગ્લીશ દારૂની પ્લાસ્ટિકની કંપની સીલપેક નાની-નાની બોટલો નંગ ૨૦૪, જેની કિંમત રૂ. ૬૭,૩૨૦ મળી આવેલ. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત ગીયર બોક્સ રૂ. ૬,૦૦૦ અને બસ રૂ. ૨૫,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૨૫,૭૩,૩૨૦ નો પ્રોહીબીશન મુદ્દામાલ કબ્જે કરી પરેશ સામતભાઈ મકવાણા (ઉ.વ. ૩૦, ધંધો - કન્ડક્ટર, રહે. દાતરડી, તા. રાજુલા, જી. અમરેલી)કિશન ભરતભાઈ ડોળાસીયા (ઉ.વ. ૨૪, રહે. જનતા પ્લોટ નં. ૦૨. રામાપીર મંદિર પાસે, મહુવા) ને સ્થળ પરથી ઝડપી લેવામાં આવ્યા હતા.

# વ્યાજે લીધેલા નાણાંની પઠાણી ઉઘરાણી કરી ધમકી આપ્યાની સિહોરના યુવાનની ફરિયાદ

### માસિક ૬% વ્યાજે લીધેલા નાણાંનું ૧.૨૦ લાખ વ્યાજ ચુકવ્યું છતાં મૂળાંકની ઉઘરાણી કરીને મારી નાખવાની ધમકી આપી

ભાવનગર,તા.૨૪

ભાવનગર જિલ્લાના સિહોર ખાતે રહેતા યુવાને ૬% માસિક વ્યાજદરે કટકે કટકે લીધેલા ૧.૦૫ લાખનું નિયમિત રીતે ૧.૨૦ લાખ વ્યાજ ચૂકવી આપ્યું હોવા છતાં વ્યાજખોરે મુદ્દલની પઠાણી ઉઘરાણી કરીને યુવાનને તથા તેના પુત્રને મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવતા સિહોર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સિહોરની સ્વસ્તિક સોસાયટીમાં રહેતા અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ જાદવને મિત્ર વિજયવિર રાજેંદ્રભાઈ સોલંકી સાથે ઓળખાણ થયેલ હતી અને બે વર્ષ અગાઉ તેને રૂ. ૧૦,૦૦૦ની જરૂર હોય વિજયવિર પાસેથી માસિક ૬ ટકા વ્યાજથી લીધેલ હતા જેનુ નિયમિત વ્યાજ ચુકવી આપતો હતો ત્યારબાદ બીજા રૂપિયાની જરૂર પડતા વિજયભાઈ પાસેથી રૂ.૬૦,૦૦૦ માસિક ૬ ટકા વ્યાજથી લીધેલ હતા જેનુ માસિક ટુકડે ટુકડે ૩૬૦૦/- વ્યાજ ચૂકવતા આ દરમ્યાન તેને પિતરાઇ ભાઈ નિતિનભાઈને રૂ.૨૦હજાર ૬ ટકા વ્યાજથી તથા મિત્ર વિપુલભાઈ રબારી ગામ-પાંચવડાને રૂ.૨૫હજાર માસિક ૬ ટકા વ્યાજથી અપાવેલ હતા જેઓ નિયમિત વ્યાજ આપતા હતા તે વિજયભાઇ ને ચુકવી અપાતા હતા ત્યારબાદ નિતિનભાઈ અને વિપુલભાઈએ તેમની મુદ્દલ રકમના રૂપિયા મને પરત આપેલ પરંતુ મારે રૂપિયાની જરૂર હોય જેથી પોતે તે રૂપિયા વિજયભાઈને આપેલ નહી અને તેમના ૪૫૦૦૦નુ ૬ ટકા વ્યાજ ચુકવી આપતો હતો

આ દરમ્યાન ક્યારેક વ્યાજ ચુકવવાની સગવડ થયેલ ન હોય વિજયભાઈએ ગાળા-ગાળી કરી મને તથા મારા દીકરાને જાનથી મારી નાંખવાની ધમકી આપી ભયમાં રાખી વ્યાજની પઠાણી ઉઘરાણી કરતો હોય જેથી અમુક વખત પોતે વિજયને તેમના પત્નીના બેંક એકાઉન્ટમાંથી ગુગલ પે કરી તેમને વ્યાજના દર મહીને રૂપિયા-૬૫૦૦/- જેટલુ વ્યાજ ચુકવતો હોય વિજયભાઈ પાસેથી લીધેલ કુલ રૂપિયા-૧,૦૫,૦૦૦/- પેટે આજદીન સુધી ૧,૨૦,૦૦૦/- જેટલુ વ્યાજ ચુકવી આપેલ છે તેમાંથી રૂપિયા-૨૭૦૦૦/- જેટલા પત્નીના એકાઉન્ટમાંથી ગુગલ પે કરી ચુકવી આપેલ હતા તેમ છતા વિજયભાઈ મારી પાસે ફોનમાં તથા રૂબરૂ વ્યાજની તથા મુદ્દલ રકમની પઠાણી ઉઘરાણી કરી મને તથા મારા દીકરાઓને જાનથી મારી નાંખવાની ધમકી આપતા હોય અને સતત માનસિક ત્રાસ આપતા હોય વ્યાજની ઉઘરાણીથી કંટાળી જઇ સિહોર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા સિહોર પોલીસે વિજય સામે બીએનેસની કલમ ૩૦૮-૫, ૩૫૨-૩, ૩૫૧-૪,૩૫૨ તથા ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ બાબતની કલમ ૪૦, ૪૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

# ભાવનગર પોરબંદર ટ્રેન ઉથલાવવાનું ષડયંત્ર! : ચિતલ-ખીજડિયા વચ્ચે ટ્રેક પર પથ્થરો અને થાંભલા ગોઠવ્યા

### પાયલોટની સતર્કતાના કારણે મોટી દુર્ઘટના ટળી

ભાવનગર,તા.૨૪

ભાવનગર પોરબંદર ટ્રેનને ઉથલાવવા પ્રયાસ થયો હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો હતો. શુક્રવારે અમરેલી જિલ્લાના ચિતલ અને ખીજડિયા વચ્ચે રેલવે ટ્રેક પર અજાણ્યા શખ્સો દ્વારા અવરોધો ઊભા કરી ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેનને ઉથલાવવાનું કાવતરું રચવામાં આવ્યું હતું. જો કે, લોકો પાયલોટની સતર્કતાને કારણે સેંકડો મુસાફરોનો આબાદ બચાવ થયો છે.

મળતી માહિતી મુજબ, ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેન જ્યારે ચિતલથી ખીજડિયા તરફ જઈ રહી હતી, ત્યારે ટ્રેક પર અચાનક પથ્થરો અને લોખંડના ફેન્સિંગ પોલ (થાંભલા) પડેલા જોવા મળ્યા હતા. ટ્રેક પર આ વસ્તુઓ દેખાતા લોકો પાયલોટે ત્વરિત ઈમરજન્સી બ્રેક મારી ટ્રેનને થંભાવી દીધી હતી. આ ઘટનાની જાણ થતા જ અમરેલી પોલીસ, રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) અને રેલવેના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ટ્રેક પરથી પથ્થરો અને પોલ કબજે કરી ફોરેન્સિક તપાસની તજવીજ હાથ ધરી છે. આ હીચકારું કૃત્ય આચરનાર અજાણ્યા શખસોને પકડવા માટે આસપાસના વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

### જિલ્લા પોલીસ વડા દ્વારા SOGના પીઆઈને તપાસ સોંવામાં આવી

રેલવે ટ્રેક પર જે જગ્યાએ આ પથ્થરો મૂકવામાં આવ્યા હતા, તે વિસ્તારની આસપાસ ગાઢ જંગલ જેવી ઝાડીઓ આવેલી છે. તપાસનીશ એજન્સીઓને શંકા છે કે કોઈ અજાણ્યા તત્વોએ અવાવરુ જગ્યાનો લાભ લઈને આ ભયાનક કારસ્તાન કર્યું છે. હાલ પોલીસ આસપાસના વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે અને અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ કોઈ માથાભારે તત્વોનું તોફાન છે કે પછી ટ્રેન ઉથલાવી મોટી જાનહાનિ સર્જવાનું કોઈ ઊંડું કાવતરું? તે દિશામાં એજન્સીઓ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. રેલવે વિભાગના એન્જીનયર દ્વારા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમો સામે ફરીયાદ નોંધવામાં આવી છે. ઘટનાની ગંભીરતા દાખવી જિલ્લા પોલીસ વડા દ્વારા SOGના પીઆઈને તપાસ સોંવામાં આવી છે.

# નાના આસરાણા ચોકડીથી ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે એક્ટિવા ચાલક શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૨૪

ભાવનગર જિલ્લાના ખુટવડા પોલીસ મથકના સ્ટાફએ ગ્રામ્ય પંથકમાં પેટ્રોલિંગ દરમિયાન ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે એક એક્ટિવ ચાલકને ઝડપી લીધો હતો અને તેની તેમજ તેને દારૂનો જથ્થો વેચવા આપી જનાર તેના મિત્ર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભાવનગર જિલ્લાના ખુટવડા પોલીસ મથકનો સ્ટાફ ગ્રામ્ય પંથકમાં પેટ્રોલિંગમાં હતો અને ગ્રામ્ય વિસ્તારમાં ફરતા ફરતા નાના આસરાણા ચોકડી પર પહોંચતા અખેગઢ ચોકડીએ આવતા એક ઈસમ કાલા કલરના એક્ટિવ શંકાસ્પદ હાલતે નીકળતા અને એક્ટિવામાં પ્લાસ્ટિકની થેલી હોય આથી તેને અટકાવી નામ-ઠામ પુછતા પોતે સંજયભાઈ આતુભાઇ ડોળાસીયા ઉ.વ.૩૨ રહે. જનતા પ્લોટ મહુવા વાળો હોવાનું જણાવતા તેની પ્લાસ્ટિકની કોથળી ચેક કરતા તેમાંથી ઈંગ્લીશ દારૂની ૧૮૦ એમએલની ૬૬ બોટલ મળી આવતા પોલીસે દારૂ, એક્ટિવ સાથે સંજયની ધરપકડ કરેલ અને ક્યાંથી લાવ્યો તે અંગે પુછતા તેનો મિત્ર રાહુલ ભીલ સુરત વાળો વેચાણ કરવા આપી ગયેલ હોવાનું જણાવતા પોલીસે બંને સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

### ૧૮૦ એમએલના ૬૧ ચપટા અને એક્ટિવા જપ્ત, દારૂનું વેચાણ કરવા આપી જનાર મિત્ર સહીત બંને સામે ખુટવડા પોલીસ મથકમાં ગુનો દાખલ

# વલ્લભીપુર ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાશે

### પ્રભારી મંત્રી કૌશિક વેકરીયાના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવાશે



વલભીપુર ખાતે રાષ્ટ્રીય પર્વની ઉજવણી માટેની જિલ્લા પ્રશાસન અને વલભીપુર મામલતદાર કચેરી દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને વલભીપુર મામલતદાર કચેરીને રોશનીથી શણગારવામાં આવી છે.

ભાવનગર,તા.૨૪

ભાવનગર જિલ્લામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ગૌરવપૂર્ણ ઉજવણી જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને વલ્લભીપુર ખાતે કરવામાં આવશે. આ રાષ્ટ્રીય પર્વનો જિલ્લા કક્ષાનો મુખ્ય સમારોહ તા. ૨૬ જાન્યુઆરીસોમવારના રોજ સવારે ૯ કલાકે વલ્લભીપુરની ગંભીરસિંહજી હાઈસ્કૂલની પાછળના મેદાન ખાતે યોજાશે.

આ કાર્યક્રમ દરમિયાન જિલ્લાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમો અને રાષ્ટ્રભાવના જગાડતી રજૂઆતો કરાશે. ઉપરાંત, રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ અને જિલ્લાની વિવિધ ક્ષેત્રે ઉત્તમ સેવા આપનાર વ્યક્તિઓ/સંસ્થાઓને સન્માનિત કરવાની પણ આયોજનબદ્ધ વ્યવસ્થા રાખવામાં આવી છે. આ રાષ્ટ્રીય પર્વની ગૌરવમય ઉજવણીમાં ઉત્સાહભેર સહભાગી થવા જિલ્લા નાગરિકોને નિવાસી અધિક કલેક્ટર ભાવનગર દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મહિલા પોલીસકર્મી પર દુષ્કર્મ આચરનાર શખ્સ પાસેથી કાર અને મોબાઈલ રિકવર

### સિહોરના શખ્સના પોલીસ રિમાન્ડ પુરા થતા આરોપીને જિલ્લા જેલ હવાલે કરાયો





ભાવનગર,તા.૨૪


ભાવનગર પોલીસ વિભાગમાં ફરજ બજાવતી મહિલા પોલીસકર્મી સાથે સિહોરના શખ્સે સોશિયલ મીડિયામાં મિત્રતા કેળવી, મહિલા પર દુષ્કર્મ આચરતા ૨૧ જાન્યુઆરીના ગંગાજળીયા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવામાં આવી હતી. આ બનાવની તપાસ SC-ST સેલના મહિલા DYSPએ હાથ ધરી આરોપી જીગર ચાવડાને ઝડપી પાડી એક દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા હતાં. જે રિમાન્ડ પુર્ણ થતા શખસને કોર્ટમાં રજુ કરી જેલ હવાલે કરી દેવામાં આવ્યો હતો. જ્યારે શખ્સના કબજામાંથી મોબાઈલ અને કાર કબજે લેવામાં આવ્યા હતાં.

ભાવનગર પોલીસ વિભાગમાં ફરજ બજાવતા મહિલાકર્મીએ ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં જીગર ચાવડા નામના શખસ સામે ફરીયાદ નોંધાવી હતી કે, સોશિયલ મીડિયાના ઈન્સ્ટાગ્રામ ઉપર જીગરનો પરિચય થતા મિત્રતા કેળવાઈ હતી. અને અવાર નવાર વાતચીત કરતા હતા. દરમિયાન શખસે મરજી વિરુધ્ધ મહિલા ઉપર દુષ્કર્મ આચરી ધાક ધમકી આપી હતી. તેમજ તેના બે ક્રેડીટ કાર્ડ મેળવી લઈ તે ક્રેડિટ કાર્ડ પર એક મોબાઈલ અને લોન ઉપર કાર મેળવી લઈ પોતે વાપરતો હતો. બાદ શખસે તેણી સાથે ઠગાઈ અને વિશ્વાસયાત કર્યો હતો.

આ ઘટનાના પગલે ગંગાજળીયા પોલીસે શખસ સામે ઠગાઈ, વિશ્વાસઘાત અને દુષ્કર્મ મામલે ગુનો દાખલ કર્યો હતો. જે કેસની તપાસ SC-ST સેલના મહિલા DYSP રીમાબા ઝાલાએ ગણતરીના કલાકોમાં જીગર કાનાભાઈ ચાવડા ભાવનગર-રાજકોટ રોડ, પાંજરાપોળ પાછળ, સિહોરના રહેવાશીની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરી એક દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા હતા. જે રિમાન્ડ શુક્રવારે પુર્ણ થતા શખ્સને કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ જિલ્લા જેલ હવાલે કરી દેવામાં આવ્યો હતો.

જ્યારે પોલીસ તપાસ દરમિયાન શખ્સનો મોબાઈલની તપાસ કરતા શખ્સે અગાઉ પણ ત્રણથી ચાર જેટલી યુવતીઓને ફસાવી હોવાનું અને મોબાઈલ ચેટ મળી આવ્યા હોવાનું સામે આવ્યું હતું. જ્યારે બનાવ લઈ ફરૂજી રીમાબા ઝાલાએ જણાવ્યુ હતું કે, શખસે ક્રેડિટ કાર્ડ પર મેળવેલો મોબાઈલ અને કાર કબજે લેવામાં આવ્યા છે.




SUMITOMO CHEMICAL INDIA LTD.
Corporate Identity Number(CIN) -L24110MH2000PLC124224
Factory: 6/2, Ruvapri Road, Bhavnagar - 364 005.